**<u>સીટી સિવીલ કોર્ટ,અમદાવાદના અધિકસત્ર ન્યાયાધીશ સાહેબની અદાલતમાં,</u>**
**<u>પી. એચ. શેઠ સાહેબ અધિકસત્ર ન્યાયાધીશ,અદાલત નં.૦૩</u>**

**<u>સેશન્સ કેસ નં.૫૨૭/૨૦૨૩</u>**

**<u>આંક:–</u>**

**(ચુકાદાની તારીખ:– ૨૯/૦૪/૨૦૨૪)**

| | |
|---|---|
| | એફ.આઇ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન |
| પોલીસ સ્ટેશન :–<br>ગુનો :– | માધુપુરા પોલીસ સ્ટેશન. ગુ. ર. નં. ૧૧૪ /૨૦૧૯<br>ભારતીય દંડ સંહિતાની કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ |

## <u>ફોર્મ -એ</u>

| | |
|---|---|
| તહોમતનામા મુજબ તહોમત– | ભારતીય દંડ સંહિતાની કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ |
| ફરીયાદી :– | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મુળ ફરીયાદી–કપીલકુમાર પ્રવીણભાઈ શાહ) |
| વિ.એ.પી.પી.શ્રીઃ– | શ્રી સી.આર.ખત્રી |
| આરોપીઃ– | રાજન બાબુભાઈ દંતાણી<br>રહે.ઈન્દીરાનગરના છાપરા,<br>અમદાવાદ. |
| આરોપી તરફે વિ.વકીલશ્રી :– | શ્રી એન.એન.નાયક |

## ફોર્મ – બી

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૩૦/૦૭/૨૦૧૯ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૦૨/૦૮/૨૦૧૯ |
| ચાર્જશીટ કર્યા તારીખ | ૦૧/૧૧/૨૦૧૯ |
| ચાર્જફ્રેમ કરવાની તારીખ | ૦૯/૦૧/૨૦૨૦ |
| પુરાવો નોંધવાનો શરુ કર્યા તારીખ | ૨૨/૦૧/૨૦૨૦ |
| કેસ જજમેન્ટ ઉપર આવ્યા તારીખ | ૧૯/૦૪/૨૦૨૪ |
| જજમેન્ટ આપ્યા તારીખ | ૨૯/૦૪/૨૦૨૪ |
| સજાનો ઓર્ડર કર્યા તારીખ /જો હોય તો | ના |

| અ.નં. | આરોપીનુ નામ | અટક કર્યા તારીખ | જામીન પર છુટ્યા તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે? | દોષિત / નિર્દોષ | સજા થયેલ તો કેટલી | સી.આર.પી.સી. ૪૨૮ મુજબ આરોપીનો અટકાયત નો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રાજન બાબુભાઈ દંતાણી રહે. ઈન્દીરાનગરના છાપરા, અમદાવાદ. | ૦૫/૦૯/૧૯ | જામીન મુક્ત ઉપર | ભારતીય દંડ સંહિતાની કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ | | નીલ | – |

## ફોર્મ – સી

**ફરિયાદ પક્ષના સાહેદઃ–**

| સાહેદ નં. | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | કપીલકુમાર પ્રવીણકુમાર શાહની સોગંદ પરની જુબાની | ફરિયાદી | ૪ |
| ૨ | ગફુરભાઈ હબીબભાઈની સોગંદ પરની જુબાની | પંચ સાહેદ | ૭ |
| ૩ | ગોવિંદભાઈ હકમાજી ધોબીની સોગંદ પરની જુબાની | પંચ સાહેદ | ૯ |
| ૪ | જોગાજી કસ્તુરજી વાઘુલાની સોગંદ પરની જુબાની | પંચા સાહેદ | ૧૦ |
| ૫ | પ્રવીણસિંહ જશુજી રાઠોડની સોગંદ પરની જુબાની | પંચ સાહેદ | ૧૨ |
| ૬ | રોનક રાજુભાઈ રાજપુતની સોગંદ પરની જુબાની | પંચ સાહેદ | ૧૫ |
| ૭ | નટવરભાઈ ભીખાભાઈ ખાંડેરાની સોગંદ પરની જુબાની | અન્ય સાહેદ | ૧૭ |
| ૮ | અનિરુદ્ધસિંહ પરમારની સોગંદ પરની જુબાની | પોલીસ ઈન્સ્પેકટર | ૧૮ |
| ૯ | બ્રીજેશકુમાર મણીભાઈ પટેલની સોગંદ પરની જુબાની | પોલીસ ઈન્સ્પેકટર | ૧૯ |
| ૧૦ | વિક્રંભાઈ નારણભાઈ રબારીની સોગંદ પરની જુબાની | મોઘુપુરા પો.સ્ટે. પી.આઈ. | ૨૧ |

## (બી) બચાવ પક્ષના સાહેદઃ–

| સાહેદ નં. | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

## (સી) કોર્ટ તરફેના સાહેદઃ–

| સાહેદ નં. | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

## (એ) ફરિયાદ પક્ષે દસ્તાવેજી પુરાવાનુ લિસ્ટઃ–

| અ.નં | દસ્તાવેજનો પ્રકાર | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદીની ફરિયાદ | ૦૫ |
| ૨ | ફરિયાદ રજીસ્ટરના ઉતારાની ઝેરોક્ષ | ૦૬ |
| ૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૦૮ |
| ૪ | આરોપી કહેલ અને બતાવેલ તે મુજબનુ પંચનામુ | ૧૧ |
| ૫ | જડતી તપાસનું પંચનામુ | ૧૫ |
| ૬ | એન.ડી.પી.એસ.અંગેની ફરિયાદ | ૨૦ |
| ૭ | નશાબંધી અને આબકારી અધિકક્ષકના રમાર્કસ | ૨૨ |
| ૮ | કમિટલ હુકમ | ૨૩ |

## જુબાની દરમ્યાન આંકે પડેલ દસ્તાવેજઃ–

| અ.નં. | આંક | દસ્તાવેજનુ વર્ણન |
|---|---|---|
| | | |

## (બી) બચાવ પક્ષનું દસ્તાવેજી લિસ્ટઃ–

| અ.નં. | આંક | દસ્તાવેજનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ તરફેનુ દસ્તાવેજી લિસ્ટઃ–**

| અ. નં. | આંક | દસ્તાવેજનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

**(ડી) મુદ્દામાલનું લિસ્ટઃ–**

| અ.નં. | આર્ટીકલ નં. | વસ્તુનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

## ///**ચૂકાદો** ///

(૧). સદર કેસમાં ફરિયાદી કપિલકુમાર પ્રવીણભાઈ શાહ છે તેઓએ આંકઃ૦૫ ની ફરિયાદ તા.૩૦/૦૭/૨૦૧૯ ના રોજ આપેલી છે અને ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર નશાબંધી અને આબકારી ખાતુ અમદાવાદ નાઓએ તે નોંધેલી છે જેમાં ફરિયાદી જણાવે છે કે, "તા.૩૦/૦૭/૨૦૧૯ ના રોજ અમો રોયલ મેનોરવાઈન શોપ ખાતે ફરજ બજાવતા હતા તે સમયે સવારના સાડા અગિયાર વાગ્યા ના સુમારે સી.પી.ડી. વેર હાઉસના કર્મચારી નટુભાઈ ખાંડેરાનાઓ મારફતે મોબાઈલ ફોનથી અમોને જાણ કરેલ કે " આપણ વેર હાઉસની અંદર લોખંડના દરવાજા પાસે ચરસ જેવુ કાંઈક પડેલ છે " જેથી અમોએ તાત્કાલીક જાતે તપાસ અર્થે વેર હાઉસ ખાતે પહોંચેલા અને અમોએ જોયેલ તો ચરસ જેવુ કંઈક પડેલ હતુ જેથી અમોએ આ બાબતની જાણ અમારા ઉપરી અધિકારીશ્રીઓને કરેલ અને તે દરમ્યાન એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચની ટીમ પણ તપાસ અર્થે આવેલ હતી અને તેઓ પણ ચરસ બાબતે પુછપરછ કરી રહ્યા હતા. પરંતુ અમોએ જે તે વખતે તેઓને જણાવેલ કે અહીંયા પડેલ મુદ્દામાલ ઘણો જુનો અને જર્જરીત હાલતમાં હોય અને તે બાબતેનું સરકાર રેકર્ડ કઈ જગ્યાએ ઉપલબ્ધ છે તેની ખાતરી તપાસ કરવાની બાકી હોય તે જોયા પછી આ ચરસ આ જગ્યાનું છે કે કેમ તે કહી શકાય તેવુ જણાવેલ. ત્યાર બાદ અમો નશાબંધી અને આબકરા ખાતાની કચેરી વિકટોરીયા ગાર્ડન ખાતે આવી અમોએ આ રેકર્ડ બાબતે ખાત્રી તપાસ કરતા વેરહાઉસ ખાતે જે મુદ્દામાલ અને સરસામાન રાખવામાં આવેલ તેનું રેકર્ડ અધિક્ષક કચેરી ખાતે શ્રી પી.પી.ગોહીલની સહીવાળી કબાટમાં હોવાં જણાઈ આવેલ હતુ. જે મુદ્દામાલ રજસ્ટ્રર સને ૧૯૮૫ થી શરૂ કરવામાં આવેલ. આ રજીસ્ટરમાં

સને ૨૦૦૩ માં ડીસા રુરલ પોલીસ સ્ટેશનના ગુ.ર.નં. થર્ડ ૧૨૬/૧૯૯૫ થી ટી.પી. નં.૦૨/૨૦૦૩-૦૪ થી ૩૬૭.૨૫૦ નું વજન ચરસ તે રીતે ચરસના વિભાગમાં દર્શાવવામાં આવેલ હતો તે અંગેની તપાસ કરેલ તપાસ રિપોર્ટ મે અમારા અધિક્ષક સાહેબને સમન/૪-૧/૨૦૧૯/૦૭ થી આપેલ હતો. જે અન્વયે અમારા ઉપરી અધિકારી તરફથી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ હતી. ત્યાર બાદ તા.૩૧/૦૭/૨૦૧૯ ના રોજ એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચ તરફથી વેરહાઉસમાંથી રાજન બાબુભાઈ દંતાણીનાએ ચરસ ની ચોરી કરેલાનુ જણાવેલ હોય તે તપાસ કરતા લેખિતમાં રિપોર્ટ આપેલ હોય તે બાબતે અમારે વેર હાઉસ ખાતે તપાસ કરવાની હોય ઉપરી અધિકારીની સુચના મુજબ જુદી જુદી ટીમો બનાવી બે દિવાસ આ વિશાળ વેરહાઉસ ખાતે તપાસ કરતા કરાવતા રેકર્ડ મુજબના જથ્થામાંથી ચરસનો જથ્થો રેકર્ડ મુજબનો ન હતો. આ વેરહાઉસમાં વિશાળ માત્રામાં પ્રતિબંધિત વસ્તુઓ મુદ્દામાલના સ્વરુપમાં વર્ષોથી પડી રહેલ છે. અને તેનુ રેકર્ડ પર વેરીફીકેશન કરવાનું બાકી છે. હાલના તબક્કે રેકર્ડ પરથી ખાત્રી કરતા ચરસનો રેકર્ડ મુજબનો જથ્થો જણાઈ આવેલ નથી. જેથી આ રાજન બાબુભાઈ દંતાણી તથા તપાસમાં નીકળે તેણે અમારા વેરહાઉસ માંથી ડીસા રુરલ પોલીસ સ્ટેશનના ગુ.ર.નં. થર્જ ૧૨૬/૯૫ થી ટી.પી.નં.૦૨/૨૦૦૩-૦૪ થી ૩૬૭.૨૫૦ નું વજન ચરસ જે મુદ્દામાલ નો રાખવામાં આવેલ તે મુદ્દામાલ માંથી ૧ કિલો ૭૫૦ ગ્રામ નો જથ્થો ગમે ત્યારે ચોરી કરી લઈ ગયેલ હોય તેના વિરુધ્ધ કાયદેસર કાયદેસર તપાસ થવા ફરિયાદ છે."

**(૨).** ફરિયાદીએ બનાવ અંગેની ફરિયાદ આપેલી તે અંગે ગુનો નોંધવામાં આવેલો, તપાસ કરવામાં આવેલી સાક્ષીના જવાબ લેવામાં આવેલા અને આરોપીને તા.૦૫/૦૯/૨૦૧૯ ના રોજ કલાક ૧૨-૦૦ વાગે પકડી અટક કરવામાં આવેલ. ત્યાર બાદ તપાસ પુરી થતા આરોપી સામે પુરતો પુરાવો હોઈ તેઓની સામે ચાર્જશીટ કરવામાં આવેલ.

**(૩).** આરોપી વિરુધ્ધ પ્રથમ બાતમી અહેવાલ નોંધાયા બાદ તપાસનીશ પોલીસ અધિકારીએ હાલના આરોપી વિરુધ્ધ એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨ માં હાલના ગુનાનું ચાર્જશીટ દાખલ કરતા, તે ક્રિમિનલ કેસ નં.૯૬૫૦૯/૨૦૧૯ થી નોંધાયેલ અને સદરહું કોર્ટમાં સદર ગુનાનું ટ્રાયલ ચલાવવામાં આવેલ અને ટ્રાયલ પૂર્ણ થયા બાદ તેમજ એફ.એસ.લીધા બાદ સદરહું આરોપી ઉપર સદરહું ગુનાને સંલગ્ન

એન.ડી.પી.એસ. કેસ નં.૩૨/૨૦૧૯ નોંધાયેલ હોય હાલનો ગુનો તે ગુના સાથે સંકળાયેલ હોય, એડી.ચીફ મેટ્રો.મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨ તરફે સી.આર.પી.સી. કલમ–૩૨૩ મુજબ હાલના ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે કેસ કમિટલ હુકમ કરી, અત્રે સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં મોકલી આપતા, સદર કેસને સેશન્સ કેસ નં.૫૨૭/૨૦૨૩ આપી તા.૧૧/૦૭/૨૦૨૩ ના રોજ રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૪). સદર કેસ અત્રેની અદાલતમાં કમીટ થઈ આવતા આરોપી વિરુધ્ધ અત્રેની કોર્ટે તા. ૦૨/૦૧/૨૪ ના રોજ આંક–૪ થી ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ સજાને પાત્ર ગુન્હો કર્યા સબબ તહોમતનામું ફરમાવી, તહોમતનામું આરોપીને વાંચી સંભળાવતા આરોપીનો આંકઃ૫ થી જવાબ નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરેલો છે. ત્યારબાદ આરોપી વિરુધ્ધનો આ સેસન્સ કેસ આ અદાલતમાં તબદીલ થઇને આવતા કેસની ઇન્સાફી કાર્યવાહી અત્રેની અદાલત દ્વારા આગળ ચલાવાવામાં આવેલી છે.

(૫). સદરહું કેસના કામે એડી.ચીફ મેટ્રો. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૨ માં ટ્રાયલ ચાલી ગયેલ હોય અને તે અંગેના પુરાવા રેકર્ડ પર હોય ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીએ આંકઃ૭ થી પુરસીસ આપી નામદાર મેટ્રો.મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૨ માં જે પુરાવા નોંધાયેલ છે તેનાથી વિશેષ પુરાવો આપવો નથી તેવુ અદાલત સમક્ષ જાહેર કરેલું છે. તેમજ બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી તરફે આંક–૬ થી પુરસીસ આપી નામદાર મેટ્રો.મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨ સમક્ષ જે પુરાવા લેવામાં આવેલ છે અને સાહેદ સાક્ષીઓની તે જ કોર્ટમાં ઉલટતપાસ થયેલ છે અને સદર કામ પુરાવો પૂર્ણ થયા બાદ આ કોર્ટમાં મોકલી આપેલ છે. જેથી સદર કેસમાં થયેલ સાક્ષી પુરાવા તથા ઉલટતપાસને પુરાવા તરીકે ગ્રાહ્ય રાખી આગળની કાર્યવાહી કરવા પુરસીસથી જાહેર કરેલ છે. તેમજ ત્યારબાદ આંક–૮ થી બચાવપક્ષ તરફે પુરસીસ આપી સદર કેસમાં તમામ પુરાવા તથા એફએસ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, ઘી કાંટા ખાતે થઈ ગયેલ હોય એફએસ માં વધુ કંઈ કહેવા માગતા ન હોવાનું તેમજ મેટ્રો કોર્ટમાં થયેલ એફ.એસ. ગ્રાહ્ય રાખતા હોવાનું પુરસીસથી જાહેર કરેલ છે.

(૬). સદર કેસમાં તમામ પુરાવા તથા એફએસ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, ઘી કાંટા ખાતે ફરિયાદ પક્ષે પુરાવો નોંધવામાં આવેલ જેમાં ફરિયાદ પક્ષે કુલ દશ સાહેદો તપાસેલ છે અને એકવીસ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે, જે પાના નં.૨ ઉપર દર્શાવેલ છે. ફરિયાદ પક્ષે પુરાવો નોધ્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ મુજબ વિશેષ જવાબ રેકર્ડ કરવામાં આવેલ. જેમા આરોપીએ પોતાની વિરુધ્ધનો પુરાવો ખોટો હોવાનું કથન કરેલ છે અને વિશેષમાં આરોપીએ રજુઆત કરેલ છે કે, "અમે નિર્દોષ છીએ અમારી સામે ખોટો કેસ થયેલ છે." સદર કેસમાં તમામ પુરાવા તથા એફએસ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, ઘી કાંટા ખાતે થઈ ગયેલ હોય એફએસ માં વધુ કંઈ કહેવા માગતા ન હોવા બાબતની પુરસીસ આંકઃ૮ થી રજુ થયેલ છે.

(૭). ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. સરકાર તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી સી.આર.ખત્રીને સાંભળ્યાં તેમજ બચાવપક્ષ તરફે વિદ્વાન વકીલશ્રી એન.એન.નાયકને સાંભળ્યાં.

(૮). ઉપરોકત હકિકત અને સંજોગો લક્ષમાં લેતા મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**//મુદ્દા//**

(૧) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ નશાબંધી અને આબકારી ખાતાના સી. પી. ડી. વેર હાઉસની અંદર પ્રવેશ કરી વેરહાઉસમાં રહેલ લોખંડની તિજોરીમાં રાખેલ ડીસા રૂરલ પોલીસ સ્ટેશનના થર્ડ ગુ.ર.નં.૧૨૬/૯૫ ના ગુનાનો ૩૬૭.૨૫૦ કિલોગ્રામ. ચરસનો મુદ્દામાલ રાખેલ, જે મુદ્દામાલ પૈકી ૧.૭૫૦ કિ. ગ્રા. જેટલો ચરસનો જથ્થો ચોરી કરી લઈ જઈ પાછળથી એસઓજી પોલીસના હાથે મુદ્દામાલ સાથે પકડાઈ જઈ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૫૪,૪૫૭, ૩૮૦ અન્વયેનું ગુનાહિત કૃત્ય કરેલ છે ?

(૨) છેવટનો હુકમ શું ?

(૯). ઉપરોકત મુદ્ધાના મારા નિર્ણયો નીચેના કારણોસર નીચે મુજબ છે.

## /// નિર્ણય ///

**૧.** નકારમાં.

**૨.** આખરી હુકમ મુજબ.

## /// કા ર ણો ///

**મુદ્ધા નં.૧–**

**(૧૦)** બંન્ને પક્ષકારો તરફે રજુ થયેલ દલીલો કેસ પેપર્સ અને પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા એ ઉચીત રહેશે કે ફરિયાદ પક્ષે રજુ થયેલ જુબાનીને જોવામાં આવે કારણ કે ફરિયાદ પક્ષની એ ફરજ છે કે, પોતાનો કેસ તે નિઃશંકપણે પુરવાર કરે. આ સિદ્ધાંત ધ્યાનમાં લેતા ફરિયાદ પક્ષની જુબાનીનું સંક્ષિપ્તીકરણ નીચે મુજબ છે.

**ફરિયાદી સાહેદનો પુરાવોઃ–**

**(૧૧)** ફરિયાદપક્ષે આ કામના આરોપી વિરૂદ્ધ ફરમાવવામાં આવેલ તહોમત પુરવાર કરવા માટે સાહેદ કપીલકુમાર પ્રવીણકુમાર શાહને આંકઃ૦૪ થી તપાસવામાં આવેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, ૨૦૧૯ માં દક્ષિણ વિભાગ–૧ અમદાવાદ શહેર ખાતે છેલ્લા ૩ વર્ષથી ફરજ બજાવતા હતા. નશાબંધી અને આબકરી સબ ઈન્સે. તરીકે આ સિવાય તેમને વધારાના હવાલા તરીકે ઉત્તર વિભાગ–૩ તથા રોયલ વાઈડ શોપ તેમજ સીપીડી વેર હાઉસ શાહપુર નો ચાર્જ હતો. સી.પી.ડી. વેર હાફસનો ચાર્જ તેમને અધિક્ષક સાહેબે ઓર્ડરથી આપેલ હતો અને ચાર્જમાં તેઓ તા. ૧૯/૦૭/૧૯ ના રોજ ઉપરી અધિકારીના ટેલીફોનીક જાણથી સંભાળેલ હતો અને તેઓએ નશાબંધી અને આબકારી ખાતાના પી.પી.ગોહીલ સાહેબ નાઓ પાસેથી ચાર્જ સંભાળેલ હતો. તેમને વેર હાઉસની ચાવીઓનું ઝુમખુ અને હથિયાર તરીકે સરકારી રિવોલ્વર અને પાંચ કારતુસ આપેલ હતા. એ વેરહાઉસ વર્ષો જુનુ છે તેમાં જુના મુદ્દામાલનું રેકર્ડ રાખવામાં આવતુ હતુ. ગઈ તા. ૩૦/૦૭/૧૯ ના રોજ તેઓ તેમની ફરજ ઉપર રોયલ વાઈડ શોપ ખાતે ફરજ પર જતા હતા ત્યારે સવારના સાડા અગિયાર આસપાસનો સમય થયેલો વેરહાઉસના કર્મચારી નટુભાઈ ખાંડેરાનો ફોન આવેલો અને જણાવેલ કે વેરહાઉસના દરવાજા આગળ ચરસ જેવુ કંઈક પડેલ છે જેથી તેઓ તાત્કાલીક વેરહાઉસમાં ગયેલા અને જઈને જોયેલ તો ચરસ જેવુ

કંઈક પડેલ હતુ. જેથી તેઓએ તેમના અધિક્ષકશ્રીને ફોન કરેલી તે દરમ્યાન એસ.ઓ.જી ક્રાઈમ તપાસ અર્થે આવેલ હતા અને તેઓએ પણ ચરસ બાબતે પુછપરછ કરતા હતા અને તેઓએ પુછેલ કે ચરસ જેવુ રહે છે જેથી તેઓએ જણાવેલ કે વેરહાઉસ જુનુ છે અને જર્જરીત હાલતમાં છે અને તેનુ સરકારી રેકર્ડ કઈ જગ્યાએ તેની ખાતરી તપાસ કરવાની બાકી છે તે જોવુ પડશે અને આ ચરસ આ જગ્યાનું છે કે કેમ તે જણાવી શકાય.

**(૧૧.૧)** વધુમાં સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, પછી તેઓ તેઓ તેમની નશાબંધી અને આબકારી અધિક્ષકની કચેરી વિકટોરીય ગાર્ડન પાસે આવેલ છે ત્યાં આવેલા અને આ બાબતની રેકર્ડની ખાતરી કરેલ કે આવુ રેકર્ડ ત્યાં ઉપલબ્ધ છે. પછી અધિક્ષક સાહેબની કચેરીમાં પી.પી.ગોહીલ સાહેબનું સીલ કરેલ કબાટ હતુ એ વખતે ઈન્ચાર્જ તરીકે તેઓ હોય અધિક્ષક સાહેબની રુબરુ મા કબાટ ખોલેલ જેમાં મુદ્દામાલ રજીસ્ટર ૧૯૮૫ થી શરુ થયેલ હતુ અને સદર રજીસ્ટરમાં ૨૦૦૩ માં ડિસા રુરલ પો.સ્ટે. ગુના રજી નં. થર્ડ ૧૨૬/૯૫ થી ટી.પી. નં. એટલે કે ટ્રાન્સપોર્ટ પરમીટ નં. ૨/૨૦૦૩-૦૪ થી ૩૬૭.૨૫૦ કિ.ગ્રા નું વજન ચરસના વિભાગમાં રજીસ્ટરમાં દર્શાવવામાં આવેલ જેથી તેઓએ અધિક્ષક ને રિપોર્ટથી જાણ કરેલી કે આ ચરસમ આપણા રજીસ્ટરમાં દર્શાવેલ છે. જેથી તેમના અધિક્ષકે તેમને કાયદેસરની કાર્યવાહી કરવાનું લેખિતમાં જણાવેલ. ત્યાર બાદ તેઓએ જુદી જુદી ટીમો બનાવીને તપાસ કરેલ. અને પ્રાથમિક તપાસમાં ચરસનો જથ્થો રેકર્ડ મુજબ જણાઈ આવેલ નહી અને તેથી એસ.ઓ.જી.એ ૧.૭૫૦ કિ.ગ્રા.નો જથ્થો ચોરી કરેલાનું તપાસમાં રાજન બાબુભાઈ દંતાણીનુ નામ જણાવેલ અને તેમના મુદ્દામાલમાંથી ૧.૭૫૦ કિ.ગ્રા. ચરસનો જથ્થો ગમે ત્યારે ચોરી કરી ગેયોલ હોય તેની લેખિત ફરિયાદ માધુપુરા પોલીસ સ્ટેશનમાં તા. ૦૨/૦૮/૨૦૧૯ ના રોજ ફરિયાદ આપેલ. જે ફરિયાદ આંકઃ૫ થી રજુ છે પોલીસે તેમનો જવાબ લીધેલો અને તેઓએ વિગતવાર હકીકત જણાવેલી અને તેમને ત્યાં નિભાવવામાં આવતા મુદ્દામાલ રજીસ્ટરમાં તેમની સહીથી પેઈજ નં.૩૦૨ તથા ૩૦૩ ના ઉતારાની નકલ રજુ કરેલ છે. જે તેમને બતાવવામાં આવે છે તેમાં તા. ૨૯૦૯/૦૩ ના રોજ ૩૬૭.૨૫૦ કિ.ગ્રા. ચરસ અને ડિસા રુરલ પો.સ્ટે. નોંધ છે અને ચાર્જ આપનાર લેનારની સહી છે જેમાં તેમની સહી છે જે મુદ્દામાલ રજીસ્ટર ઉતારો જે સંયુકત દાખલ આંકઃ૬ ત્યાર બાદ તા. ૦૬/૦૮/૧૯ ના રોજ તેમનો વિશેષ જવાબ વેનામાં આવેલ અને તેઓએ તા. ૦૪/૦૮/૧૯ ના રોજ પંચોની હાજરીમાં બનાવ વાળી જગ્યા બતાવેલ અને પંચનામુ કરેલ અને આરોપી

એસ.ઓ. જી વાળા વેરહાઉસ ખાતે લાવે ત્યારે તેઓએ જોયેલ જે નામ. કોર્ટમાં હાજર છે તે જ છે.

**<u>આરોપી તરફે ઉલટ તપાસઃ–</u>**

**(૧૧.૨)** આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી દ્વારા સદર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેવ છે. ઉલટ તપાસમાં સાહેદ જણાવે છે કે, સને ૨૦૧૩ થી નશાબંધી ખાતામાં નોકરી કરુ છુ બનાવના દિવસે જયારે મને જાણ થઈ ત્યારે હું રોયલ શોપ ઉપર જઈ રહ્યો હતો. એ વાત ખરી છે કે કયા સમયે ચોરી થઈ તે હું કહી શકુ નહી. આ સી.પી.ડી. વેરહાઉસ અમારી ઓફીસથી લગભગ ચાર કિલોમીટર જેટલુ દુર આવેલ છે. ફોન આવ્યા બાદ વેરહાઉસ અડધો કલાકમાં પહોંચી ગયેલ. મને બનાવ અંગેની જાણ નટુભાઈએ કરેલી કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ નથી. એ વાત ખરી નથી કે વેરહાઉસ બહાર વેરહાઉસમાંથી ચોરી કરતા દરમ્યાન ઢોળાઈ ગયેલાની ખાતરી કર્યા વગર જ ફરિયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે હું ખોટી જુબાની આપુ છુ.

**(૧૧.3)** આમ, સદર સાહેદનો પુરાવો વંચાણે લેતા તેઓ સી.પી.ડી. વેર હાઉસના ચાર્જમાં હતા અને આ ચાર્જ તેઓએ તા.૧૯/૦૭/૨૦૧૯ ના રોજ ઉપરી અધિકારીના ટેલીફોનિક મેસેજથી સંભાળેલ હતો અને વેર હાઉસના કર્મચારી નટુભાઇ ખાંઢેરાનો ફોન આવેલ અને જણાવેલ કે, વેર હાઉસના દરવાજા આગળ ચરસ જેવું કાંઇક પડેલ છે. જેથી તેઓ તાત્કાલીક વેર હાઉસ ગયેલા અને જઇને જોયેલ તો ચરસ જેવું કાંકઇ પડેલ હતું. જેથી તેઓએ તેઓના અધિક્ષકશ્રીને ફોન કરીને જાણ કરેલી હતી. તે દરમ્યાન એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ તપાસ અર્થે આવેલ હતા અને તેઓ પણ ચરસ બાબતે પુછપરછ કરતા હતા. પ્રાથમિક તપાસમાં ચરસનો જથ્થો રેકર્ડ મુજબ જણાય આવેલ નહી. તેથી એસ.ઓ.જી. એ ૧.૭૫૦ કિ.ગ્રા. નો જથ્થો ચોરી કરેલાનું તપાસમાં રાજનભાઈ બાબુભાઈ દંતાણીનું નામ જણાવેલ અને મુદ્દામાલ માંથી ૧.૭૫૦ કિ.ગ્રા. ચરસનો જથ્થો ગમે ત્યારે ચોરી કરી ગયેલ હોય તેની લેખીત ફરિયાદ માધુપુરા પોલીસ સ્ટેશનમાં આપેલ, જે આંક–૫ થી સદર સાહેદની જુબાનીમાં રજૂ થયેલ છે. વધુમાં આરોપીને એસ.ઓ.જી. વાળા વેરહાઉસ ખાતે લાવેલ ત્યારે તેને જોયેલાનું જણાવે છે. સદર સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં જણાવ્યા મુજબ ક્યા સમયે ચોરી થઇ તે તેઓ કહી શકે નહી. તેઓને બનાવની જાણ નટુભાઇએ કરે, કોઇ જાત માહિતી નથી.

**પંચ સાહેદનો પુરાવોઃ–**

**(૧૨).** ફરિયાદપક્ષે આ કામના આરોપી વિરૂદ્ધ ફરમાવવામાં આવેલ તહોમત પુરવાર કરવા માટે સાહેદ ગફુરભાઈ હબીબભાઈને આંકઃ૦૭ થી તથા સાહેદ ગોવિંદભાઈ હકમાજીને આંકઃ૯ તપાસવામાં આવેલ છે, જેઓ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ છે. સદર પંચ સાહેદની જુબાનીમાં આંકઃ૦૮ થી પંચનામુ રજુ થયેલ છે, સદર સાહેદનો પુરાવો વંચાણે લેતા ફરિયાદપક્ષના કેસને સમર્થનરુપ કોઈ હકીકત જણાવતા નથી. સદર સાહેદોને ફરી ગયેલા જાહેર કરતા વિદ્વાન એ.પી.પી.શ્રી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ ઉલટ તપાસ દરમ્યાન પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો મળી આવતો નથી. આમ સદર પંચસાહેદની જુબાનીના આધારે આંકઃ૦૮ ના પંચનામાની હકીકત પુરવાર થતી નથી.

**લોખંડની તિજોરીના પંચનામાના પંચ સાહેદનો પુરાવોઃ–**

**(૧૩).** ફરિયાદપક્ષે આ કામના આરોપી વિરૂદ્ધ ફરમાવવામાં આવેલ તહોમત પુરવાર કરવા માટે સાહેદ જોગાજી કસ્તુરજી વાઘુલાને આંકઃ૧૦ થી તપાસવામાં આવેલ છે જેઓ વેર હાઉસમાં લોખંડની તિજોરીના પંચનામાના પંચસાહેદ છે. સદર પંચ સાહેદોની જુબાનીમાં આંકઃ૧૧ થી પંચનામુ રજુ થયેલ છે સદર  સાહેદનો પુરાવો વંચાણે લેતા ફરિયાદ પક્ષના કેસને સમર્થનરુપ કોઈ હકીકત જણાવતા નથી. સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરતા વિદ્વાન એ.પી.પી.શ્રી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ ઉલટ તપાસ દરમ્યાન પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો મળી આવતો નથી. આમ સદર પંચસાહેદની જુબાનીના આધારે આંકઃ૧૧ ના પંચનામાની હકીકત પુરવાર થતી નથી.

**(૧૪).** ફરિયાદપક્ષે આ કામના આરોપી વિરૂદ્ધ ફરમાવવામાં આવેલ તહોમત પુરવાર કરવા માટે સાહેદ સાહેદ પ્રવીણજી જશુજી રાઠોને આંકઃ૧૨ તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે તેમને પોલીસે માધુપુરા પોલીસ સ્ટેશનમાં બોલાવેલા ત્યાં પો. ઓફીકલ હતા અને તેમની સાથે બીજા પંચ હતા અને એક તહોમતદાર જેનું નામ રાજન બાબુભાઈ દાતણીચા જેવુ હતી એ તેને પોલીસ સ્ટેશનમાં જોયેલ તે આજરોજ કોર્ટમાં હાજર છે. પોલીસે તેમને આરોપીની સાથે વેર હાઉસ લઈ ગયેલા તે રામલાલના ખાડાની બાજુમાં આવેલ છે. વેર હાઉસમાં એક રુમમાં લઈ ગયેલા ત્યાં આરોપીએ લોખંડની તિજોરી

બતાવેલી જે બાબતનું વિગતવારનું પંચનામુ પોલીસે લખેલુ અને તેઓ તેમાં સહી કરેલી. જે પંચનામુ આંકઃ૧૧ થી રજુ છે.

**<u>જડતી તપાસના પંચનામાના પંચ સાહેદનો પુરાવોઃ–</u>**

**(૧૫).** ફરિયાદપક્ષે આ કામના આરોપી વિરૂદ્ધ ફરમાવવામાં આવેલ તહોમત પુરવાર કરવા માટે સાહેદ રોનક રાજુભાઈ રાજપુતને આંકઃ૧૫ થી તપાસવામાં આવેલ છે જેઓ જડતી તપાસનાના પંચનામાના પંચસાહેદ છે. સદર પંચ સાહેદોની જુબાનીમાં આંકઃ૧૬ થી પંચનામુ રજુ થયેલ છે સદર સાહેદનો પુરાવો વંચાણે લેતા ફરિયાદ પક્ષના કેસને સમર્થનરુપ કોઈ હકીકત જણાવતા નથી. સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરતા વિદ્વાન એ.પી.પી.શ્રી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ ઉલટ તપાસ દરમ્યાન પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો મળી આવતો નથી. આમ સદર પંચસાહેદની જુબાનીના આધારે આંકઃ૧૬ ના પંચનામાની હકીકત પુરવાર થતી નથી.

**<u>નશાબંધી અને આબકારી કચેરીના કર્મચારીનો પુરાવોઃ–</u>**

**(૧૬).** ફરિયાદપક્ષે આ કામના આરોપી વિરૂદ્ધ ફરમાવવામાં આવેલ તહોમત પુરવાર કરવા માટે સાહેદ નટવરભાઈ ભીખાભાઈ ખાંડેરાને આંકઃ૧૭ થી તપાસવામાં આવેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે ૨૦૧૯ માં ગવર્મેન્ટ વેરહાઉસ શાહપુર દરવાજા બહાર ફરજ બજાવતા હતા. તે અગાઉ લાલ દરવાજા વિકટોરીયા ગાર્ડન સામે નશાબંધી અને આબકારી અધિક્ષક કચરીમાં ફરજ બજાવતા હતા. તેમની ફરજનો સમય સવારના ૧૦–૩૦ થી ૬–૦૦ વાગ્યાનો હતો. બનાવ તા. ૩૦/૦૭/૨૦૧૯ ના રોજ બનેલ હતો. તે વખતે તેઓ તેમની ફરજ ઉપર આવેલ હતા અને તેમનો સાથી કર્મચારી એક રજા ઉપર હતા અને એક સાથે હતા. ફરજ ઉપર આવીને રાઉન્ડ મારીને જોયેલ તો તેમના ઓટલા ઉપર બે પેકેટ પડેલ હતા જેથી તેઓએ ટેલીફોન દ્ધારા તેમના સબ ઈન્સ્પેકટર સાહેબને જાણ કરેલી. ત્યાર બાદ તેમના સાહેબ વસાવા સાહેબ અને કે.પી.શાહ સાહેબ આવેલા અને માધુપુરા પો.સ્ટે. માં ફરિયાદ નોંધાવેલ અને જે મળી આવેલ તે ચરસ હતુ. પોલીસે આ બાબતે તેમનો જવાબ લીધેલો.

**<u>આરોપી તરફે ઉલટ તપાસઃ–</u>**

**(૧૬.૧).** આરોપી તરફે વિદ્ધાન વકીલશ્રી દ્ધારા સદર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે ઉલટ તપાસમાં સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે અમારો જવાબ પો.સ્ટે.

માં લીધેલો. એ વાત ખરી છે કે, વસાવા સાહબે અમાર અધિકારી છે એટલે જવાબ લખાવેલો. એ વાત ખરી છે કે વનાવ કેવી રીતે બન્યો તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે પોલીસે તેમની રીતે મારો જવાબ લખી લીધેલો. એ વાત ખરી છે કે મારા જવાબમાં કયા કર્મચારી રજા ઉપર હતા અને કયા કર્મચારી અમારી સાથે હતે તે મારા જવાબમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે અમારા ઉપરી અધિકારીની ફરિયાદના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ.

**(૧૬.૨).** આમ, સદર સાહેદનો પુરાવો વંચાણે લેતા બનાવ સમયે તેઓ નશાબંધી અને આબકારી અધિક્ષક કચેરીમાં ફરજ બજાવતા હતા. બનાવ તા.૩૦/૦૭/૨૦૧૯ ના રોજ બનેલ તે વખતે તેઓ ફરજ પર આવેલ હતા અને આવીને રાઉન્ડ મારી જોયેલ તો તેઓના ઓટલા ઉપર બે પેકેટ પડેલ હતા, જેની ટેલીફોન દ્વારા સબ ઈન્સ્પેક્ટર સાહેબને જાણ કરેલી. ત્યારબાદ તેઓના સાહેબ વસાવા સાહેબ અને કે.પી.શાહ સાહેબ આવેલા અને માધુપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલ. જે મળી આવેલ તે ચરસ હતું. સદર સાહેદે ઉલટતપાસમાં જણાવ્યા મુજબ એ વાત ખરી છે કે, બનાવ કેવી રીતે બન્યો તેની મને ખબર નથી.

**<u>પો.ઈન્સે. એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચનો પુરાવો:-</u>**

**(૧૭).** ફરિયાદપક્ષે આ કામના આરોપી વિરૂદ્ધ ફરમાવવામાં આવેલ તહોમત પુરવાર કરવા માટે સાહેદ અનિરુદ્ધસિંહ પરમારને આંકઃ૧૮ થી તપાસવામાં આવેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૧૯ ના રોજ તેઓ તેમની ટીમ સાથે એનડીપી એસ અંતર્ગત કાર્યવાહી કરવા પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન શાહપુર ચોકી પાસે આવતા બાતમી હકીકત મળેલ કે, રાજન બાબુભાઈ દેવીપુજક નામનો ઈસમ પોતાના કબજામાં કેટલોક ગેરકાયદેસરનો ચરસનો જથ્થો રાખી, આર.સી.ટેકનીકલ હાઈસ્કુલ સામેના ખાંચા પાસેથી નીકળવાનો છે. જેથી બે પંચો તથા સાથેના પોસઈ ફિરોજભાઈ, એસ. આઈ. કરણસિંહ, એચ.સી. ઘનશ્યામભાઈ તથા એચ.સી.જયપાલસિંહ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પંચો સાથે રાખી ભગતસિંહના ખાંચા સામે હાજર રહી દરમ્યાન થોડી વાર વોચ કરતા ઉપરોકત હકીકત વાળો ઈસમ હાથમાં થેલી સાથે ચાલતો આવતા નજરે પડતા નજીકમાં આવવા દઈ ઈસારાથી બતાવી પંચો તથા સ્ટાફના માણસો દ્વારા રોકી દીધેલ. સદરી ઈસમ રાજેશભાઈએ તેમના કબજામાં ગેરકાયદેસર વસ્તુ જે ચરસ જે

પોલીસ ઈન્સ્પેકટર દ્વારા રાજયપત્રી અધિકૃત હોઈ તે પંચો રુબરુ ઝડતી તપાસ કરવા જણાવતા તેમણે હા પાડેલી પંચો રુબરુ એનડીપીએસ ૪૨ તથા ૫૦ નો ઠરાવ આપવામાં આવેલ તેની પાસેની કપડાની થેલીમાં પંચો રુબરુ જોતા ભુખરા કાળા રંગનો પદાર્થ ચરસ હોવાનું જણાતા પી.એસ.આઈ. અધિકારી મજમુદાર સાહેબે તેમને ટેલીફોનીક જાણ કરી શાહપુર પોલીસ ચોકી આવવા તથા સદરી ઈસમ પાસે ચરસ રાખવા અંગેનું કોઈ પાસપરમીટ હોય તે અંગે પુછતા તેમણે ના પાડતા સદરી જગ્યા ભીડભાડવાળી જગ્યા હોય શાહપુર ચોકી તમામ સ્ટાફના માણસો સદરહુ ઈસમ સાથે જઈ ત્યાં આગળની કાર્યવાહી હાથ ધરેલ. અગાઉ આપેલ રિપોર્ટના આધારે સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ. રિપોર્ટ મોકલી પોલીસમાં આવ તે બાબતે ઉલ્લેખ કરેલ.

**(૧૭.૧).** વધુમાં સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, ત્યાર બાદ વજનકાંટાવાળા ઈસમને લઈ આવતા અને એફએસએલ અધિકારી આવતા તેમના રુબરુ તેમને સદર રાજેશભાઈ પાસેથી મળી આવેલ ચરસના જથ્થામાંથી પરિક્ષણ કરતા ચરસ હોવાની ખાતરી થયેલ. આ સમગ્ર વિધિ તા. ૨૮/૦૯/૨૦૧૯ ના રોજ કલાક ૧૩–૩૦ થી ૧૮–૩૦ દરમ્યાન પંચો તથા સ્ટાફ રુબરુ કરવામાં આવેલ. સદરહુ ઈસમને એનડીપીએસ ૮(૨૦) મુજબ ફરિયાદ થવાની થતી હોય તેમને સીઝર મેમો આપી અંગુઠો મેળવવામાં આવેલ. તેમજ પી.એસ.ઓ.ના નેતૃત્વ સાથે ડી.સી.પી.માં ગુનો રજીસ્ટર કરવા મોકલી આપેલ. જે ગુનો ૮ સી ૫૦૫૯ નંબર છે. જે આગળની તપાસ પો.સ.ઈ વાય.એમ.સેસાંદને સોંપવામાં આવેલી. પો.સી.ઈ સેસાંદ મારી તપાસમાં ફરિયાદી બનેલ. આ તપાસમાં ચરસનો જથ્થો રાજન બાબુભી એ શાહપુર વેરહાઉસમાંથી જે નશાબંધી ખાતામાંથી વેરહાઉસમાં મુદ્દામાલ પડેલ હોય છે ત્યાંથી ચોરેલ હતો. જે નશાબંધી ખાતને જાણ પડેલ આ દિવસે નશાબંધી ખાતાના અધિકારીએ માધુપુર પોલીસ સ્ટેશન ખાતે તા. ૦૩/૦૮/૧૯ ના રોજ રાજેશભાઈ વિરુધ્ધ ફરિયાદ નોંધાવેલ છે. ૫૦૫૯/૧૯ ના કામમાં ફરિયાદ આપેલ છે.

**<u>આરોપી તરફે ઉલટ તપાસઃ–</u>**

**(૧૭.૨).** બચાવ પક્ષે વિદ્વાન વકીલશ્રી દ્વારા સદર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. ઉલટ તપાસમાં સાહેદ જણાવે છે કે, અમોએ આરોપીને ભગતસિંગના ખાંચા પાસેથી પકડેલો. અમોએ પંચોને બપોરે ૧૩–૪૫ વાગે ખાનપુર વિસ્તારમાંથી બોલાવેલા.

પંચોને હે.કો. જીતેન્દ્રસિંહ બોલાવી લાવેલા. એ વાત ખરી છે કે પંચોના માત્ર નામ સરનામા ખાનપુર ચોકીએ લખી લીધેલા. મુદ્દામાલને એફએસએલ પરિક્ષણ માટે એનડીપી એસનો ગુનો દાખલ થયા બાદ જે તે પીએસઓ અને આઈ.ઓ.એ મોકલેલા. એ વાત ખરી છે કે એનડીપીએસની સંપુર્ણ તપાસ મે કરેલ નથી મે માત્ર ફરિયાદ અને પંચનામાની કાર્યવાહી કરેલ. એ વાત ખરી નથી કે આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી અને બિનવારસી મુદ્દામાલ આરોપીના નામે ખોટી રીતે ચડાવી ખોટો કેસ કરેલ છે.

**(૧૭.૩)** આમ, સદર સાહેદનો પુરાવો વંચાણે લેતા તેઓ તેમની ટીમ સાથે એન.ડી. પી.એસ.અંતર્ગત કાર્યવાહી કરવા પેટ્રોલીંગમાં હતા.તે દરમ્યાન શાહપુર ચોકી પાસે આવતા બાતમી હકીકત મળેલ કે, રાજન બાબુભાઇ દેવીપુજક નામનો ઇસમ પોતાના કબજામાં કેટલોક ગેરકાયદેસરનો ચરસનો જથ્થો રાખી આર.સી. ટેકનીકલ હાઇસ્કુલના સામેના ખાચા પાસેથી નિકળવાનો છે. જેથી બે પંચો તથા સાથેના પો.સ.ઇ. તથા અન્ય સ્ટાફના માણસો સાથે રાખી ભગતસિહના ખાચા સામે હાજર થઇ વોચ કરતા હતા. સદર ઇસમ રાજનભાઇએ તેની પાસેની કપડાની થેલીમાં પંચો રૂબરૂ જોતા ભુખરા કાળા રંગનો પદાર્થ ચરસ હોવાનું જણાતા એફ.એસ.એલ. અધિકારી મજમુદારને ટેલીફોનિક જાણ કરી શાહપુર પોલીસ ચોકી આવવા જણાવેલ. એફ.એસ.એલ. અધિકારી આવતા તેમના રૂબરૂ સદર રાજનભાઇ પાસેથી મળી આવેલ ચરસના જથ્થામાંથી પરિક્ષણ કરતા ચરસ હોવાની ખાત્રી થયેલ. આ તપાસમાં ચરસનો જથ્થો રાજન બાબુભાઇએ શાહપુર વેરહાઉસમાંથી જે નશા ખાતામાં મુદ્દામાલ પડેલ હોય ત્યાંથી ચોરેલ હતો, જે નશાબંધી ખાતાને જાણ કરેલ. આ દિવસે નશાબંધી ખાતાના અધિકારીએ માધુપુરા પોલીસ સ્ટેશન ખાતે તા. ૦૩/૦૮/૧૯ ના રોજ રાજન બાબુભાઇ વિરૂધ્ધ અલગથી ફરિયાદ નોંધાવેલ. સદર સાહેદે બચાવપક્ષ તરફે કરેલ ઉલટતપાસમાં જણાવ્યા મુજબ તેઓએ પંચોને બપોરે ૧૩–૪૫ વાગ્યે ખાનપુર વિસ્તારમાંથી બોલાવેલ અને તેઓએ એન.ડી.પી.એસ. ની સંપૂર્ણ તપાસ કરેલ નથી. માત્ર ફરિયાદ અને પંચનામાની કાર્યવાહી કરેલ.

**<u>પી.એસ.આઈ. એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચનો પુરાવોઃ–</u>**

**(૧૮).** ફરિયાદપક્ષે આ કામના આરોપી વિરૂદ્ધ ફરમાવવામાં આવેલ તહોમત પુરવાર કરવા માટે સાહેદ બ્રીજેશકુમાર મણીભાઈ પટેલને આંકઃ૧૯ થી તપાસવામાં આવેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે,તેઓ સને ૨૦૧૯ માં પી.એસ.આઈ. તરીકે એસ.

ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેરમાં ફરજ બજાવતા હતા. તેમની ફરજ દરમ્યાન એસ.ઓ.જી. ચાર્ટર મુજબ કામગીરી કરવાની હોય છે જેના ભાગરુપે તા.૨૮/૦૭/૧૯ ના રોજ તેમના સીનીયર અધિકારી પીઆઈશ્રી એન.ડીય પરમાર સાહેબ,પીએસઆઈ શ્રી ત્રિવેદી સાહેબ તથા સ્ટાફના અન્ય કર્મચારીઓ સાથે પેટ્રોલીંગમાં ફરજમાં હતા. દરમ્યાન તેઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલી કે રાજના બાબુભાઈ દંતાણી નામનો એક ઈસમ પોતાના કબજામાં કેટલોક ચરસનો જથ્થો લઈને આવનાર છે તેવી વિગત મળતા તેઓએ પ્રોસીજર મુજબ તેમના સીનીયર અધિકારીને તેની જાણ કરેલી અને રેડીંગ પાર્ટીના ટીમના સભ્યો તથા પંચો સાથે સદર બાતમીવાળી જગ્યાએ જઈ વોચ તપાસમાં રહેલા અને બાતમી વાળો ઈસમ આવતા ટીમના સભ્યોએ કોર્ડન કરી તેને પકડી લીધેલ અને પંચો રુબરુ તેનું નામ પુછતા તેનુ નામ રાજ બાબુભાઈ દંતાણી ઈન્દીરાનગરના છાપરાના હોવાનું જણાવેલ અને તેની પાસેની થેલી જોતાં તેમાં ચરસની વિશિષ્ટ સ્મેલ વાળા ભુખરા રંગના લંબચોરસ ટુકડા મળી આવેલ.

**(૧૮.૧).** વધુમાં સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, ત્યાર બાદ સદર મુદ્દામાલ સાથે પકડાયેલ ઈસમને શાહપુર ખાનપુર પોલીસ ચોકી લઈ જઈ આ બાબતે પીઆઈ શ્રી પરમાર સાહેબે મુદ્દામાલ પરિક્ષણ માટે એફએસએલ અધિકારીને જાણ કરવાની કાર્યવાહી તથા મુદ્દામાલનું વજન કરવા માટેની જે તે કાર્યવાહી કરવા સ્ટાફના સભ્યોને સુચના કરેલ. થોડા સમય બાદ સ્થળ પર એફએસએલ અધિકારી શ્રી આર.બી. મજમુદાર સાહેબ તથા મુદ્દામાલનું વજન કરનાર શાનું તોફીક હુસેન અને સદર મુદ્દામાલનું કેમીકલ પરિક્ષણ કરતા તે ચરસ તરીકે ઓળખાયેલ હતુ. સદર મુદ્દામાલ બાબતે પકડાયેલ આરોપીને પુછપરછ કરતા તેણે આ બાબતે કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી પરંતુ તે નશો કરવાની આદત વાળો હોવાનું જણાયેલ. પકડાયેલ આરોપી પાસેથી કુલ એક કિલો સાતસો પસાચ ગ્રામ ચરસનો જથ્થો તથા રોકડા રૂા.૧૫૮૦૦/- મળી આવેલ. જે બાબતે એનડીપીએસ ના નિયમ મુજબ પંચો રુબરુ પંચનામુ કરી લીધેલ હતુ અને તેની પાસે તે રાખવા બદલનું તેની પાસે પાસ પરમીટ માંગતા નહી હોવાનું જણાવેલ. જેથી તેઓ તેમના પીઆઈ એ.ડી.પરમારીની આરોપી વિરુધ્ધ એનડીપીએસ એકટની કલમ ૮(સી),૨૦(બી) મુજબની કાર્યવાહી કરેલ હતી. તે

**(૧૮.૨).** વધુમાં સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, મને આ ફરિયાદની અસલ બતાવવામાં આવે છે જેમાં તેમની તથા પરમાર સાહેબની સહી છે જે તેઓ ઓળખે છે જેને રજુ દાખલ આંકઃ૨૦ આપવામાં આવે છે. ત્યાર બાદ તેમને જાણવા મળેલ કે ફ.ગુ.ર.નં.૧૧૧૪/૨૦૧૯, ઈ.પી.કોડની કલમ ૪૫૪,૪૫૭, ૪૮૦ મુજબ ગુનો રજીસ્ટર થયેલ છે અને સદર આરોપીના છાપરાની પાછળના ભાગે આવેલ નશાબંધી ખાતાનું વેરહાઉસ આવેલ છે તેમાં તે મજૂરી કરવા જતો હતો તેમાંથી તેણે આ મુદ્દામાલ ચોરી કરેલ હોવાનું આ કામના ત.ક. અમલદાર રબારી સાહેબ રુબરુ જણાવે. આરોપીને તેઓ ઓળખે છે જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી.

**(૧૮.૩).** આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી દ્વારા સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે ઉલટ તપાસમાં સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, આ ગુનાની તપાસ માટે અમોએ માધુપુરા પોલીસ સ્ટેશનના ચોરીના ગુનાની તપાસ કરેલ નથી.

**(૧૮.૪).** આમ, સદર સાહેદનો પુરાવો વંચાણે લેતા તેઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે, રાજન બાબુભાઇ દંતાણી નામનો ઇસમ પોતાના કબજામાં કેટલોક ચરસનો જથ્થો લઇને આવનાર છે. તેથી રેડીંગ ટીમના સભ્યો તથા પંચો સાથે સદર બાતમીવાળી જગ્યાએ જઇ વોચ તપાસમાં રહેલા અને બાતમી વાળો ઇસમ આવતા ટીમના સભ્યોએ કોર્ડન કરી તેને પકડી લીધેલ અને તેની પાસેની થેલી જોતા તેમાં ચરસ જેવી વિષેશ સ્મેલવાળા ઘેરા ભુખરા રંગના લંબચોરસ ટુકડા મળી આવેલ. ત્યારબાદ સદર મુદ્દામાલ સાથે પકડાયેલ ઇસમને શાહપુર ખાનપુર પોલીસ ચોકી લઇ ગયેલ. જ્યાં પી.આઇ. શ્રી પરમાર સાહેબે જરૂરી કાર્યવાહી કરેલ. સદરહું મુદ્દામાલ બાબતે પકડાયેલ આરોપીને પુછપરછ કરતા તેને આ બાબતે કોઇ સંતોષકારક જવાબ આપેલ નહી પરંતુ તે નશો કરવાની આદતવાળો હોવાનું જણાવેલ.પકડાયેલ આરોપી પાસેથી કુલ ૧.૭૫૦ કિ.ગ્રા.ચરસનો જથ્થો તથા રોકડા રૂા.૧૫૮૦/– મળી આવેલ. આરોપી પાસે પાસ પરમીટ માંગતા નહી હોવાનું જણાવેલ. જેથી તેની વિરૂધ્ધ એન.ડી.પી.એસ. એક્ટની કલમ–૮(સી), ૨૦(બી) મુજબ કાર્યવાહી કરેલ. જે અંગેની ફરિયાદ આંક–૨૦ થી સદર સાહેદની જુબાનીમાં રજૂ થયેલ છે. સદર સાહેદે ઉલટતપાસમાં તેઓએ માધુપુરા પોલીસ સ્ટેશનના ચોરીના ગુનાની તપાસ કરેલ નથી તે હકીકતનો સ્વીકાર કરેલ છે.

**માધુપુરા પોલીસ સ્ટેશનના પી.આઈ.નો પુરાવોઃ–**

**(૧૯).** ફરિયાદપક્ષે આ કામના આરોપી વિરૂદ્ધ ફરમાવવામાં આવેલ તહોમત પુરવાર કરવા માટે સાહેદ વિક્રમભાઈ નારણભાઈ રબારીને આંકઃ૨૧ થી તપાસવામાં આવેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા.૩/૦૮/૧૯ ના રોજ તેઓ માધુપુરા પોલીસ સ્ટેશનમાં પી.આઈ. તરીકે તેમની ફરજ ઉપર હાજર હતા તે વખતે નશાબંધી અને આબકારી ખાતાના સબ ઈન્સ્પેકટર કપીલકુમાર પ્રવીણભાઈ નાઓએ તેમના પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ રજી કરવા માટે આપેલ હતી. જે પીએસઓએ ફ.ગુ. ર.નં. ૧૧૪/૧૯ થી ઈ.પી.કોડની કલમ ૪૫૪,.૪૫૭,૩૮૦ મુજબનો ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ તેમના તરફ કરી તે તેઓએ સંભાળી લીધેલી. ફરિયાદ વંચાણે લેતા આરોપી રાજન બાબુભાઈ દંતાણીએ શાહપુર દરવાજા બહાર આવેલ નશાબંધી અને આબકારી ખાતાના સીપીડી વેરહાઉસની અંદર પ્રવેશ કરી વેરાહાઉસમાં રહેલ લોખંડની તિજોરીમાં રાખેલ ડિસા રુરલ પો.સ્ટે. થર્ડ ગુ.ર.નં. ૧૨૬/૧૯૯૫ ના ગુનાનો ૩૬૭.૨૫૦ કિ.ગ્રામ. ચરસ મુદ્દામાલ રાખેલ હોઈ જે મુદ્દામાલ પૈકી ૧.૭૫૦ કિલોગ્રામ જેટલો ચરસનો જથ્થો ચોરી કરી લઈ જઈ પાછળથી એસ.ઓ.જી. પોલીસના હાથે મુદ્દામાલ સાથે પકડાઈ જઈ ગુનો કર્યા બાબતનો હતો. તેમને આંકઃ૫ વાળી ફરિયાદ બતાવવામાં આવે છે જે ફરિયાદ સાથે ફરિયાદીએ રજીસ્ટરના ઉતારાની નકલ મુકેલ હતી જે આંકઃ૬ બતાવવામાં આવે છે જે તે જ છે.

**(૧૯.૧).** વધુમાં સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, આ કામે તેઓએ પ્રથમ તા. ૦૪/૦૮/૧૯ ના રોજ ફરિયાદી કપિલકુમાર શાહનાઓએ બતાવેલ ગુનાવાળી જગ્યા વેરહાઉસનું પંચો રુબરુ પંચનામુ કરેલુ તેમને આંકઃ૮ બતાવવામાં આવે છે જેમાં બે પંચો રુબરુમાં તેમની સહી છે તે જ છે. ત્યાર તેઓએ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા આરોપી વિરુધ્ધ નોંધાયેલ એનડીપીએસ કેસના કાગળો મેળવવા માટે તજવીજ કરેલી. જેમાં ફરિયાદ, પંચનામુ વગેરે મેળવેલ જે આંકઃ૨૦ થી રજુ એનડીપીએસ ની ફરિયાદ બતાવવામાં આવે છે જે તે જ છે તેમને આંકઃ૧૬ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે તે તેજ છે આ કામે તેઓએ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો પડતો હોઈ ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવી તા. ૫/૦૯/૧૯ ના ૧૨–૦૦ કલાકે અટક કરેલ અને તેને જ જગ્યાએથી મુદ્દામાલની ચોરી કરેલી તે બતાવવા રાજી થતો હોઈ પંચો રુબરુ તેણે બતાવેલ સીપીડી વેરહાઉસનું વિગતવારનું પંચનામુ ૫/૦૯/૧૯ ના કલાક ૧૩–૦૦ થી

૧૪–૧૦ દરમ્યાનનું કરી લીધેલ તેમેન આંકઃ૧૯ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમા તેઓએ પંચો રુબરુ સહી કરેલ. આ કામને નશાબંધી અને આબકારી ખાતાના અધિક્ષક આર.એસ. વસાવાએ રીમાર્કસ મોકલેલ હતા જે અસલ રજુ કરે છે જેમાં વસાવા સાહેબની સહી છે અને મળ્યા બાબતની તેમની સહી છે જે રજુ દાખલ આંકઃ૨૨ છે આ અંગે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો પડતો હોઈ તેઓએ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલી. તેઓ આરોપીને ઓળખે છે જે આજરોજ કોર્ટમાં હાજર નથી.

**<u>આરોપી તરફે ઉલટ તપાસઃ–</u>**

**(૧૯.૨).** આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી દ્વાર સદર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે ઉલટ તપાસમાં સાહેદ જણાવે છે કે, આ કામના પંચોને માધુપુરા વિસ્તારમાંથી બોલાવેલા. અમે પંચોના નામસરનામા પહેલેથી જાણતા ન હતા. આ ગુનાની લેખિત ફરિયાદ નશાબંધી ખાતાના અધિકારીએ આપેલી. એ વાત ખરી નથી કે પકડાયેલ મુદ્દામાલ માધુપુરા પોલીસ સ્ટેશનમાં બિનવારસી પડેલો હતો. એ વાત ખરી છે કે, પો.સ્ટે. માં પડેલ મુદ્દામાલની જાળવણી માટે સ્ટાફ હોય છે.એ વાત ખરી નથી કે આ કામના આરોપીએ પકડાયેલ કોઈ મુદ્દામાલ ચોરેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે.

**(૧૯.૩)** આમ, સદર સાહેદનો પુરાવો વંચાણે લેતા તેઓએ આ ગુનાની તપાસ સંભાળી લઇ ગુનાવાળી જગ્યાનું પંચો રૂબરૂ પંચનામું કરેલ. લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ અને આરોપી વિરૂધ્ધ નોંધાયેલ એન.ડી.પી.એસ. એક્ટના ગુનાના કાગળો મેળવવા તજવીજ કરેલ. આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો પડતો હોય ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવી તા.૦૫/૦૯/૨૦૧૯ ના ૧૨–૦૦ કલાકે અટક કરેલ અને તેને જે જગ્યાએથી મુદ્દામાલની ચોરી કરેલ તે બતાવવા રાજી થતો હોય પંચો રૂબરૂ તેને બતાવેલ સી.પી.ડી. વેરહાઉસનું વિગતવારનું પંચનામું કરેલ અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો પડતો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આમ, સદર સાહેદે તપાસ દરમ્યાન જે જે કાર્યવાહી કરેલી તે તમામ હકીકતો સોગંદ પર જણાવેલ છે. સદર સાહેદે ઉલટતપાસમાં જણાવ્યા મુજબ આ ગુનાની લેખીત ફરિયાદ નશાબંધી ખાતાના અધિકારીએ આપેલી. આ કામના આરોપીએ કોઇ મુદ્દામાલ ચોરેલ નથી તે હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૨૦). ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામના આરોપી વિરૂધ્ધ પ્રથમ એન.ડી.પી.એસ. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધાયેલ છે. સદરહું ગુનાના કામે મળેલ બાતમીના આધારે આરોપીના કોન્સિયસ પઝેશનમાંથી માદક પદાર્થ ચરસનો જથ્થો મળી આવેલ હોવાનો આક્ષેપ છે. આમ, જ્યારે આરોપીના કોન્સિયસ પઝેશનમાંથી મુદ્દામાલ ચરસનો જથ્થો મળી આવ્યો ત્યારે સદરહું મુદ્દામાલ ચોરી થયા બાબતની કોઇ ફરિયાદ દાખલ થયેલ ન હતી. વધુમાં આંકઃ૧૮ થી તપાસવામાં આવેલ અનિરૂધ્ધસિંહ પરમાર પી.આઇ.શ્રી નો પુરાવો વંચાણે લેતા તેઓ એન.ડી. પી. એસ.એક્ટ મુજબ કરેલ કાર્યવાહીના સીઝીંગ અધિકારી હતા. સદર સાહેદનો પુરાવો વંચાણે લેતા તેઓની તપાસમાં ચરસનો જથ્થો રાજન બાબુભાઇએ નશા ખાતાના વેરહાઉસમાંથી મુદ્દામાલ પડેલ હોય ત્યાંથી ચોરેલ હતો. આમ, તેઓની તપાસમાં આરોપીએ વેર હાઉસમાંથી મુદ્દામાલ ચરસનો જથ્થો ચોરેલ હોવાનું જણાવે છે. પરંતુ આ હકીકત કઇ રીતે તપાસ દરમ્યાન ખુલેલ છે તે બાબતે કોઇ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. ત્યારે સદરહું સાહેદની જુબાનીના આધારે એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ કરેલ કાર્યવાહી દરમ્યાન કબજે લીધેલ મુદ્દામાલ ચરસનો જથ્થો વેરહાઉસમાંથી ચોરી થયેલ ચરસનો જથ્થો હોવાનું પુરવાર થતું નથી. ત્યારબાદ આંકઃ૧૯ થી એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ દાખલ થયેલ ફરિયાદના ફરિયાદી બ્રીજેશકુમાર મણીભાઇ પટેલને તપાસવામાં આવેલ છે. સદર સાહેદનો પુરાવો વંચાણે લેતા તેઓએ એન.ડી.પી.એસ. એક્ટના ગુના અન્વયે આરોપી વિરૂધ્ધ ફરિયાદ આપેલાનું સોગંદ પર જણાવેલ છે, પરંતુ સદર સાહેદની જુબાનીના આધારે મળી આવેલ ચરસનો જથ્થો નશાબંધી ખાતાના વેરહાઉસમાંથી ચોરી થયેલ જથ્થો હોવાનું પુરવાર થતું નથી. આમ, એન.ડી.પી.એસ.એક્ટ મુજબ કરેલ ગુનાની કાર્યવાહીના સીઝીંગ અધિકારી શ્રી એ.ડી. પરમાર તથા ફરિયાદી શ્રી બી.એમ. પટેલની જુબાનીના આધારે આ કામના આરોપીએ નશાબંધી ખાતાના વેરહાઉસમાંથી ચોરી કરેલ હોવાની હકીકત પુરવાર થતી નથી.

(૨૧). ફરિયાદપક્ષ તરફે આંકઃ૪ થી ફરિયાદી કપીલકુમાર પ્રવિણકુમાર શાહ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ આ ગુનાની ફરિયાદ આપેલ છે. સદર સાહેદનો પુરાવો વંચાણે લેતા સી.પી.ડી. વેરહાઉસ માંથી ૧.૭૫૦ કિ.ગ્રા. ચરસનો જથ્થો ચોરી થયેલાનું જણાવે છે. વધુમાં સદર સાહેદના જણાવ્યા મુજબ તા.૩૦/૦૭/૨૦૧૯ ના રોજ તેઓ ફરજ ઉપર હતા ત્યારે વેરહાઉસના કર્મચારી નટવરભાઇ ખાંડેરાનો ફોન આવેલ અને

જણાવેલ કે, વેરહાઉસના દરવાજા આગળ ચરસ જેવું કાંઈક પડેલ છે. આમ, તા.૩૦/૦૭/૨૦૧૯ ના રોજ તેઓને માહિતી મળી ગયેલ હોવા છતાં તુરત જ કોઇ ફરિયાદ આપવામાં આવેલ નથી અને તા.૦૨/૦૮/૨૦૧૯ ના રોજ લેખીતમાં ફરિયાદ મોકલી આપેલ છે. ક્યા સંજોગોમાં મોડી ફરિયાદ દાખલ કરેલ છે તે બાબતનો કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. વધુમાં આ ચરસનો જથ્થો કોણ ચોરી ગયેલ તે બાબતની તેઓને કોઇ જાત માહિતી ન હોવાનું જણાવે છે. ત્યારબાદ આંક–૭ થી પંચ સાહેદ ગફુરભાઇ હબીબભાઈ તથા આંક–૯ થી પંચ સાહેદ ગોવિંદભાઈ હકમાજીને સોગંદ પર તપાસેલ છે, કે જેઓ બનાવવાળી જગ્યાના પંચ સાહેદ છે. સદરહું બંને પંચ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપતા નથી. આમ, સદરહું બંને પંચ સાહેદના પુરાવાથી આંક–૮ થી રજૂ થયેલ પંચનામાની હકીકતને સમર્થન મળતું નથી. ત્યારબાદ આંક–૧૦ થી પંચ સાહેદ જોગાજી કસ્તુરજી વાઘુલાને તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદનો પુરાવો વંચાણે લેતા આરોપી કાંઇ કહેવા માંગતો હોય અને તેને સાથે રાખીને ગુનાની જગ્યાએ ગયેલા હોય અને ત્યાં જઇને આરોપીએ ચોરી કેવી રીતે કરી તે અંગેની વિગતો જણાવેલ હોય તેવો કોઇ પુરાવો આપતા નથી. આમ, સદર પંચ સાહેદની જુબાનીમાં આંક–૧૧ થી રજૂ થયેલ પંચનામાને સમર્થનકારક પુરાવો મળી આવતો નથી. ત્યારબાદ આંક–૧૨ થી રજૂ પંચ સાહેદ પ્રવિણસિંહ જશુસિંહ રાઠોડનો પુરાવો વંચાણે લેતા તેઓને પોલીસે માધુપુરા પોલીસ સ્ટેશનમાં પંચ તરીકે બોલાવેલ, ત્યાં એક તહોમતદાર રાજન બાબુભાઇ દાંતણીયા જેવું હતું તેને પોલીસ સ્ટેશનમાં જોયેલ, જે આજરોજ કોર્ટમાં હાજર છે. પોલીસ તેઓને આરોપીની સાથે વેરહાઉસ લઇ ગયેલા. વેરહાઉસમાં એક રૂમમાં લઇ ગયેલા, ત્યાં આરોપીએ લોખંડની તિજોરી બતાવેલી, તે ખોલી જોતા તે ખાલી હતી અને આરોપીએ અહીંથી ચરસ ચોરેલાનું જણાવેલ. જે બાબતનું વિગતવારનું પંચનામું પોલીસે કરેલું અને તેઓએ તેમાં સહી કરેલી તેમ જણાવે છે. પરંતુ માધુપુરા પોલીસ સ્ટેશનથી વેરહાઉસ કઇ રીતે ગયેલા, ત્યાં કોને રૂમ બતાવેલી અને કઇ રીતે ચોરી કરેલ તે બાબતની કોઇ હકીકત સદર પંચ સાહેદ જણાવતા નથી. માત્ર લોખંડની તિજોરી બતાવેલી, ત્યાંથી ચરસ ચોરેલાનું જણાવેલાનું પંચ સાહેદ જણાવે છે. આમ, સદર પંચ સાહેદની જુબાનીના આધારે એવીડન્સ એક્ટની કલમ–૨૭ મુજબ ડિસ્કવરી પંચનામુ પુરવાર થતું નથી.

**(૨૨).** ફરિયાદપક્ષ તરફે આંક–૧૫ થી પંચ સાહેદ રોનક રાજુભાઇ રાજપુતને તપાસેલ છે, જે પંચ સાહેદ આરોપી વિરૂધ્ધ એન.ડી.પી.એસ. એક્ટ મુજબ ગુનો નોંધાયેલ

છે, તે ગુનાના કામે કરવામાં આવેલ પંચનામાના પંચ છે. આરોપીના કોન્સિયસ પઝેશનમાંથી મુદ્દામાલ ચરસ મળી આવેલ છે કે કેમ ? તે બાબતની અત્રે કોઇ ચર્ચા કરવાની નથી. સદરહું કેસમાં માત્ર વેરહાઉસમાંથી જે મુદ્દામાલ ચરસની ચોરી થયેલ છે તે આ કામના આરોપીએ કરેલ છે કે કેમ ? તે બાબતની ચર્ચા કરવાની છે. જેથી સદરહું પંચ સાહેદની જુબાની અંગે વિષેશ ચર્ચા કરવાનું ઉચીત જણાતું નથી.

(૨૩) ફરિયાદપક્ષ તરફે આંક–૧૭ થી તપાસવામાં આવેલ નટવરભાઈનો પુરાવો વંચાણે લેતા તા.૩૦/૦૭/૨૦૧૯ ના રોજ તેઓ ફરજ પર હતા અને તેઓએ રાઉન્ડ મારી જોયેલ તો ઓટલા ઉપર બે પેકેટ પડેલ હતા, જે મળી આવેલ તે ચરસ હતું. જેની તેઓએ ટેલીફોન દ્વારા તેઓના સબ ઈન્સ્પેક્ટરશ્રીને જાણ કરેલી. આમ, વેરહાઉસની બહાર ઓટલા ઉપર પડેલ ચરસના આધારે તેઓએ તેમના ઉપરી અધિકારીને જાણ કરેલ છે. પરંતું ત્યારબાદ વેરહાઉસમાંથી ચરસના જથ્થાની ચોરી થયેલ હોય તેવી કોઇ હકીકત સદર સાહેદ તેઓની સોગંદ પરની જુબાનીમાં જણાવતા નથી. આમ, સદર સાહેદની જુબાની આધારે પણ ફરિયાદપક્ષના કેસને સમર્થનરુપ કોઈ હકીકત મળી આવતી નથી.

(૨૪). ફરિયાદપક્ષ તરફે આંક–૨૧ થી તપાસ કરનાર અમલદાર શ્રી વિક્રમભાઇ નારણભાઈ રબારીને તપાસેલ છે, જેઓએ તપાસ દરમ્યાન જે જે કાર્યવાહી કરેલ છે તે તમામ હકીકતો સોગંદ પર જણાવેલ છે. પરંતુ ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો વેરહાઉસમાંથી ચોરી થયેલ ચરસનો જથ્થો આ કામના આરોપીએ ચોરી કરેલ હોય તેવો કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવતો નથી. એન.ડી.પી.એસ. એક્ટ મુજબ કાર્યવાહી કરનાર સીઝીંગ અધિકારી એ.ડી.પરમાર તથા ફરિયાદી બી.એમ.પટેલ નો પુરાવો વંચાણે લેતા આરોપીના કોન્સિયસ પઝેશનમાંથી મુદ્દામાલ ચરસ મળી આવેલાનું ફલીત થાય છે. પરંતુ આ મુદ્દામાલ ચરસ ચોરીનો જ મુદ્દામાલ હોવાનું સદર બંને સાહેદોની જુબાનીના આધારે પુરવાર થતું નથી. તે જ રીતે ફરિયાદી તથા સાહેદ નટવરભાઈનો પુરાવો વંચાણે લેતા વેરહાઉસમાંથી ચોરી થયેલાનું જણાવેલ છે, પરંતુ આ કામના આરોપીએ જ ચોરી કરેલ હોય તે બાબતે કાંઈ જણાવતા નથી. પંચ સાહેદો પણ ફરિયાદપક્ષના કેસને સમર્થનરુપ પુરાવો આપતા નથી. વધુમાં વેરહાઉસમાંથી ચોરી થયા બાબતની ફરિયાદીને તા.૩૦/૦૭/૧૯ ના રોજ જાણ થયેલ હોવા છતાં તે અંગેની ફરિયાદ તા. ૦૨/૦૮/૧૯ ના રોજ આપવામાં આવેલ છે, પોતે એક જવાબદાર અધિકારી હોવા છતાં ક્યા કારણોસર

મોડી ફરિયાદ આપેલ છે તેબાબતે કોઈ સ્પષ્ટ ખુલાસો ફરિયાદી તરફે કરવામાં આવેલ નથી. આમ, ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ સમગ્ર પુરાવાની ચર્ચા ધ્યાને લેવામાં આવે તો નશાબંધી અને આબકારી ખાતાના સી.પી.ડી. વેરહાઉસમાં ચરસના જથ્થાની ચોરી થયેલ હોવાનું ફલીત થાય છે, પરંતુ આ ચરસના જથ્થાની ચોરી આ કામના આરોપીએ કરેલ હોવાનું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય જેથી આ કામના આરોપીને શંકાનો લાભ આપવો ઉચીત જણાતું હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

(૧) આ કામના આરોપીને ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરુ છુ.

(૨) આરોપીઓએ ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૧૯૭૩ની કલમ ૪૩૭ (એ) ની જોગવાઈ અન્વયે રૂા.૧૫,૦૦૦/– જાત જામીન તથા તેટલી જ રકમના જામીન અપીલ પીરીયડ સુધીમાં આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ **૨૯** મી **એપ્રિલ** સને **૨૦૨૪** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૨૯/૦૪/૨૦૨૪
સ્થળ:– અમદાવાદ.

**(પી.એચ. શેઠ)**
અધિકસત્ર ન્યાયધીશ, કોર્ટ નં.૦૩,
સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ,
અમદાવાદ શહેર.
(યુનિક આઈ.ડી. કોડ નં.–જીજે૦૦૫૨૪)